Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૬ · તા. ૩૦ ઑગસ્ટ થી ૫ સપ્ટેમ્બર ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

परस्परोपग्रहो जीवानां

# तस्स मिच्छा मि दुक्कडं

परस्परोपग्रहो जीवानां

હું ઈચ્છું કે – હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં. કારણ કે મેં સંવત્સરી દિવસ સંબંધી કાયિક, વાચિક, માનસિક, ઉત્સૂત્રરૂપ અને ઉન્માર્ગરૂપ, અકલ્પ્ય અનેન કરવા યોગ્ય આચરણ, દુર્ધ્યાન અને દુષ્ટ ચિંતનરૂપ, અનાચારરૂપ, અનિચ્છિનીય અને શ્રાવકને અણછાજતા આચરણરૂપ જે અતિચાર કર્યા હોય, તથા જ્ઞાનમાં, દર્શનમાં, ચરિત્રમાં, શ્રુતજ્ઞાનની આરાધનામાં અને સામાયિક ધર્મની આરાધનામાં, તથા ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં અને ચાર કષાયોના ત્યાગ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો બાર પ્રકારના શ્રાવક-શ્રાવિકાના ધર્મ સંબંધી જે ખંડિત કર્યું હોય, જે વિરાધ્યું હોય, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

I wish to stand in a meditation posture for whatever faults I may have committed during the day through my deeds, words, and thoughts.

For speaking against the scriptures, following a wrong path, performing unworthy and improper deeds, performing ill meditated, ill conceived, immoral, undesirable and unbecoming acts for a layman.

In regard to knowledge, belief and conduct of a layman's life, the scriptures, the equanimity (Samayika), and whatever wrong doing I may have committed in respect to the three – fold restraint vows (guptis), four passions (Kashayas), and the five minor vows (anu – vratas).

In regard to three spiritual merit vows (guna – vratas), four spiritual disciplinary vows (shiksha – vratas), the layman's twelvefold rule of conduct that I may have broken or opposed, may those bad deeds of mine be forgiven and become fruitless.

Asking for forgiveness for any violations committed against the 12 vows of a householder.

This is the desire to confess the violations committed, knowingly or unknowingly, against the 12 fold vows of a layman, by recitation of a short prayer of confession. The twelve vows of a layperson are: 1. Five minor vows (Anu Vratas): These are partial non-violence, truthfulness, non-stealing, chastity and non-attachment. 2. Three spiritual vows of merit (Guna Vratas): These are vow of limiting area of activity (dig parimsn vrata), vow of simplicity (bhogopabhoga pari man) and vow of avoidance of purposeless sin(anarthadanda viraman). and 3. Four spiritual vows of discipline (Shiksha Vratas): These include the practice of equanimity (samayika), the vow of additional confinement of every day activity (desavakashika Vrata), the vow of living an ascetic life for a limited duration (posadhopavasa) and the vow of charity (dana Vrata).

# વિશ્વ પર્યાવરણ દિવસનો સંદેશ: ખોરાકનો બગાડ ન કરો

સન ૧૯૭૨થી દર વર્ષે તારીખ ૫મી જૂને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વૈશ્વિક સ્તરે પાર્યવરણની જાળવણી તથા તે અંગે જાગૃતિ ફેલાવવાના પ્રયાસરૂપે પર્યાવરણ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે આ ઉજવણી મોંગોલીયા દેશની રાજધાની ઉલ્લાનબેટોર ખાતે થઈ. આ વર્ષનું સૂત્ર છે THINK - EAT - SAVE એટલે કે વિચારીને ખાઓ, બગાડ અટકાવો અને પર્યાવરણ બચાવો. UNEP યુનાઈટેડ નેશન્સ એન્વાયરોન્મેન્ટ પ્રોગ્રામ દ્વારા આ વાત મૂકીને દુનિયાના બધા રાષ્ટ્રોની જનતાને ખોરાકનો બગાડ ન કરવાની અપીલ કરવામાં આવી છે. અને આ મુદ્દે સક્રિય થવા જણાવાયું છે.

ભૌતિક સુખ-સગવડો મેળવવા માટે પૃથ્વીનું અતિશય દોહન કરીને માનવીએ પર્યાવરણીય સંતુલન ખોરવી નાંખતાં તેનાં માઠાં પરિણામો - પ્રકોપો આપણી સામે આવી રહ્યાં છે. પર્યાવરણને વધુ બગડતું અટકાવીને ટકાઉ વિકાસ તરફ નહીં વળીએ તો પરિસ્થિતી કાબૂ બહાર જાય તેને બહુ વધુ વર્ષો હવે આપણી પાસે નથી વિશ્વના બધા જ લોકોના સુરક્ષિત અને ઉજ્જવળ ભવિષ્ય માટે સૌએ આ કામે સક્રિય બનવાની તાતી જરૂરિયાત છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના ખોરાક અને ખેતીવાડી સંસ્થાન (FAO) ના આંકડાઓ પ્રમાણે દર વરસે ૧૩૦ કરોડ ટન ખોરાક - અન્નનો બગાડ અને વેડફાટ થાય છે. આ બગાડ અટકાવવો અત્યંત જરૂરી છે. કારણ કે તેનાથી (વાવેતર ક્ષેત્ર) ઘટાડી શકાય અને કુદરતી સંપદાનો બચાવ કરી શકાય.

વિશ્વમાં ખોરાકના અભાવે દર ૭ માંથી ૧ માણસ ભૂખ્યો સૂઈ જાયછે, અને રોજના ૫ વર્ષ સુધીની ઉંમરના ૨૦,૦૦૦ બાળકો મૃત્યુને ભેટે છે. આમ એક તરફ સમૃધ્ધ દેશોમાં ખોરાક-અન્નનો આટલો બધો બગાડ થાય છે તો ગરીબ લોકો ભૂખમરાના શિકાર બને છે. આથી આ વરસે અપાયેલ સૂત્ર ખોરાકનો બગાડ અને વેડફાટ અટકાવવા અને તેનાથી થતા પાર્યવરણના નુકસાન અંગે સાવચેત કરે છે. પૃથ્વીમાતા તો વિશ્વની ૭ અબજની વસ્તી માટે દરેકને ખપપૂરતું આપી શકવા માટે સંઘર્ષ કરી રહી છે. પરંતું આપણે તો કુલ ઉત્પાદનના ત્રીજા ભાગનો બગાડ કરીએ છીએ.

ખોરાક - અન્નનો બગાડ એ ફકત આર્થિક નુકસાન જ નથી પરંતુ પર્યાવરણીય બાબતે, આ બગાડના જથ્થાને ઉત્પન્ન કરવા માટે વપરાતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકો તેમ જ તેને પરિવહન માટે વપરાતું ઈંધણ બિનજરૂરી વપરાય છે. ખોરાક અને અન્નના બગાડના જથ્થાના સડવાથી મિથેઈન જેવા ભયાનક ગ્રીનહાઉસ વાયુ ઉત્પન્ન થાય છે, જેનાથી ૠતુચક્ર બદલાવ (Climate Change) માં મોટી અસર પડે છે તેમ જ બગાડનો કોહવાટ થવો એ પણ વૈશ્વિક તાપમાનના વધારા - (Global Warming) માટે કારણભૂત બને છે.

આખા વિશ્વના અન્ન ઉત્પાદનના જથ્થાના ૫૦% કરતાં વધારે જથ્થાનો બગાડ અને વેડફાટ થાય છે. વિકાસશીલ દેશમાં અન્નનો બગાડ-વે.ડફાટ અમુક તાંત્રિક ખામીઓને લીધે થાય છે, જે પાકની લણણી અને સંગ્રહણી પધ્ધતિમાં સુધારા કરવાથી ઘટાડી શકાય છે. તેમ જ ઝડપી પરિવહન વ્યવસ્થા અને માલના પેકીંગની પદ્ધતિઓમાં કરવાથી પણ વેડફાટ ઘટાડી સકાય તેમ છે.

વિકસિત અને વિકાસશીલ દેશોના લોકો તેમની જરૂરિયાત કરતાં પણ વધારે કુદરતી સંસાધનો આવરી લઈને જરૂરિયાત કરતાં વધારે ઉત્પાદન કરવા ટેવાયેલા છે અને તેથી છેવટે તો તેનો બગાડ જ થાય છે. આથી પોતાના વિસ્તારની જરૂરિયાત મુજબનું જ ઉત્પાદન કરવાની વ્યવસ્થા ગોઠવાય તો બગાડ ઘટી શકે છે. આથી કુદરતી સંપદાનો કરકસરયુક્ત ઉપયોગ થાય તે માટે વિશ્વના બધા જ લોકોએ "Doing More & Better with Less" એ સૂત્રને અનુસરીને એટલે કે લઘુતમ જથ્થામાં વધારે અને બહેતર વપરાશથી રહેવાની જીવન- શૈલી સ્વીકારવી જોઈએ. અને પર્યાવરણની જાળવણી કરવી જોઈએ.

આ વરસની વિચારીને ખાઓ-પર્યાવરણ બચાવોની હાકલનો અમલ આપણે આપણા ઘરથી તેમ જ આજુબાજુમાંથી શરૂ કરવાનો છે. આનાથી ખરેખર બગાડ અટકે, પૈસા બચે તેમ જ પર્યાવરણ બચશે તેની ખાતરી કરવાનું પણ આપણને કહેવામાં આવ્યું છે. આપણે ઉત્પાદન વખતે રાસાયણિક ખાતરો અને જંતુનાશકો ન વપરાયાં હોય તેવો ઓરગેનિક સજીવ ખોરાક પસંદ કરવો જોઈએ, તેમ જ આ અન્ન દૂરથી મંગાવવાને બદલે સ્થાનિક કક્ષાએથી મેળવવું જોઈએ જેથી પરિવહન બચી શકે. આ રીતે શક્ય એટલા પ્રયાસોથી કુદરતી સંસાધનોને ઓછું નુકસાન થાય અને ગ્રીનહાઉસ વાયુઓ ઓછા ઉત્પન્ન થાય તે રીતે જીવનશૈલી અપનાવવી જોઈએ.

**- ભૂપત પારેખ**

*ભૂમિપુત્રમાંથી સાભાર*

## ઓશોની દૃષ્ટિએ નવકાર મંત્ર (ભાગ-૪) અહંકારના મૂળીયા ઉખાડતો મંત્ર

આ નમસ્કાર અરિહંતો માટે નથી, અરિહંતો પ્રતિ છે, અને આપણે માટે છે. એ નમસ્કારનાં જે પરિણામ થશે તે આપણા પર થશે. જે ફળ મળશે.તે આપણને મળશે. ખરેખર જો કોઇ આ નમન કરે તો પણ એનો અહંકાર ટકી શકે એવું તમને લાગે છે? નહીં. અહંકાર ટકી રહેવો અસંભવ છે.

નમોકાર મંત્ર બધા ખૂણા આવરી લે છે. જ્યાં જ્યાં તમારું મસ્તક ઝુકાવી શકાય તેવા બધા અજ્ઞાત, અજાણ્યા, અપરિચિત ખૂણા આ મંત્રમાં આવરી લેવાય છે. ખબર નથી કોણ સાધુ છે. કોણ અરિહંત છે. આ જગતમાં જ્ઞાની પણ છે અને જ્ઞાની પણ છે, પ્રકાશ પણ છે અને અંધારું પણ છે. જેમ સૂર્ય અસ્ત થાય છે, તેમ સૂર્ય ઊગે પણ છે. આ અસ્તિત્વ દ્વંદ્વથી ભરેલું છે. જ્યાં આટલું ઘનિષ્ટ અજ્ઞાન પ્રવર્તે છે ત્યાં ઘનિષ્ટ જ્ઞાન પણ હોવું જોઇએ. આ એક શ્રધ્ધામાં તરબોળ વ્યક્તિ આ નમોકારના પાંચમંત્ર બોલી શકે ત્યારે સાચે એ પણ કહી શકે કે ખરેખર આ નમોકાર સૂત્ર મંગળમય છે, એનાથી બધાં પાપોનો નાશ થશે.

નમોકાર-નમનનું સૂત્ર છે. જેઓએ કાંઇક જાણ્યું છે, મેળવ્યું છે, જેઓ જીવનમાં અંતરતમ ગૂઢ રહસ્યોથી પરિચિત થયા છે, જેમણે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કર્યો છે, જેમણે આ ભૌતિક શરીરની પાર શું છે તે જાણ્યું છે, તેવી આ જગત સમસ્તની પાંચ પ્રકારની વ્યક્તિઓનાં ચરણોમાં નમન કરવાનું સૂત્ર છે. જગત સમસ્તમાં એટલે સમય અને ક્ષેત્ર બન્નેમાં, જે ગઇ કાલે હતા અને આવતી કાલે પણ હશે એવા 'સવ્વ લોએ સાહૂણં' સર્વલોકમાં વસતા સાધુઓને નમન. આ નમસ્કાર કરતાં આવડશે તો મહાવીરની વાણીને સમજવામાં સરળતા થશે. આ નમન પછી તમારી ઝોળી ખૂલશે અને એમાં મહાવીરની સંપત્તિ પ્રવેશ પામશે.

નમન છે એક ગ્રહણશીલતા (receptivity) જેવા તમે નમન કરો છો કે તમારું હૃદય ખૂલે છે અને તેમાં તમે કોઇને પ્રવેશ આપવા તૈયાર થાવ છો. કારણ કે જેના ચરણોમાં તમે ઝૂકી ગયા એને તમારામાં પ્રવેશવા દેવામાં તમે અડચણ ઊભી નહીં કરો, બલકે આમંત્રણ આપશો, તમારા દરવાજા ખુલ્લા મૂકી દેશો. પરંતુ જો તમારી શ્રધ્ધા નહીં હોય તો નમન અસંભવ બની જશે. નમન સાથે તમારી સમજનો જન્મ છે. **(સંપૂર્ણ)**

## ૧૯માં વરસ મહાકાલીનું મહાપૂજન આમંત્રણ

**અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીનો મહાપૂજન -પહેડી ભક્તિ ઉત્સવ, આસો સુદ-૫ રવિવારે તા.૨૮.૦૯.૧૪ સવારના ૮ થી ૨ ઘાટકોપર સભાગૃહ રાષ્ટ્રીય શાળામાં રાખેલ છે. સવારે ૮થી ૧૧ મહાપૂજન ૧૧ પહેડી - મહાઆરતી, ૧૧.૧૫ થી ૨ દર્શન પ્રસાદ સાધર્મિક ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા હંસકુમાર આદિ કલાકારોગત જમાવશે. દર વરસની જેમ સૌને પધારવા દર્શન વંદન પૂજન પ્રસાદ ભક્તિગીતો આદિનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.**

**૧૯માં વરસના મુખ્ય સહયોગી પરિવારો**

- **શ્રી હીરાચંદ વસનજી ભવાનજી લોડાયા (માટુંગા - સુજાપુર)**
- **માતુશ્રી કસ્તુરબાઇ લખમીચંદ લોડાયા<br>અ.સૌ.ઉષા ખીરેન્દ્ર પરિવાર (વડોદરા - બારોઇ)**
- **માતુશ્રી વિજયાબાઇ રાયચંદ ધરમશી<br>અ.સૌ.વીણા નીતીન પરિવાર (મસુર - કોઠારા)**
- **માતુશ્રી મુરબાઇ વિસનજી લોડાયા<br>અ.સૌ.પ્રભા હેમેન્દ્ર પરિવાર (મુલુંડ - બાંઢીયા)**

**સૌ ભાવિકોને પધારવા લાભ આપવા આમંત્રણ......**

**નોંધઃ આગામી ૨૦માં વરસનું મહાપૂજન અને પહેડી ભક્તિ મહોત્સવ ૨૦૭૧ આસો સુદ ૬ રવિવારે તા. ૧૮.૧૦.૧૫ ના થશે દાતા લાભાર્થી પરિવારો ભાવના જણાવશો.**

**નિમંત્રક : યતિ મોતીસાગરજીશ્રીજી મહારાજ, ટ્રસ્ટીઓ તથા ૧૯માં વરસના સહયોગી દાતાઓ**

|| શ્રી ચંદ્રપ્રભ દાદાય નમઃ || || શ્રી મોટી ખાવડી તીર્થ || || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||



# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
# મોટી ખાવડી

શ્રી ચંદ્રપ્રભ સ્વામીના જીનાલયની વર્ષ ગાંઠ નિમિતે ''અઠાર અભિષેક'' શ્રાવણ સુદ પાચમ ગુરૂવાર, તા. ૩૧/૭/૨૦૧૪ તથા ''નુતન ધ્વજા રોહણ'' શ્રાવણ સુદ છઠ શુક્રવાર, તા. ૧/૮/૨૦૧૪, એમ બે દિવસીય મહોત્સવ ખુબજ ધામધુમ થી ઉજવવામાં આવેલ. આ પાવન પ્રસંગે બહોળી સંખ્યામા મુંબઇ તેમજ બહારગામ થી મેહમાનો પધારેલ. અઠાર અભિષેક હિતયોગી પરિવાર દ્વારા વિધીવિધાન સાથે ખુબજ સરસ રીતે કરવવામાં આવેલ. દાદાની ધ્વજાનો લાભ શ્રી રમેશભાઇ હેમરાજ લોડાયા પરિવાર હસ્તે આશાબેન રમેશભાઇ લોડાયા દ્વારા લેવામાં આવેલ. તા. ૩૧/૭/૨૦૧૪ ના બપોરે સાધર્મિક ભક્તિનો લાભ શ્રી શાંતિલાલ શામજી લોડાયા દ્વારા લેવામાં આવેલ. તેમજ ચૌવિહારનો લાભ શ્રી ગિરીશ ખિમજી લોડાયાએ લિધેલ. આ પ્રસંગે હિતયોગી પરિવારવતી શ્રી મહેન્દ્રભાઇ માલશી લોડાયા, મુંબઇ થી જવા-આવવાની ટ્રેનની ટિકીટ તેમજ ભોજનની વ્યવસ્થા કુમાર ધવલ મયુર લોડાયા હસ્તે માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર ઘાટકોપર તરફથી કરવામાં આવેલ તેમજ સર્વે મોટી ખાવડી વાસીઓને ઘેર ઘેર મિઠાઇ મોકલાવી દાદાની ધ્વજા પ્રસંગે મીઠુંમો કરાવવા માટે શ્રી હેમરાજ દેવરાજ લોડાયા પરિવાર અને શ્રી માલશી દેવરાજ લોડાયા પરિવારનો તેમજ પધારેલા સર્વે મહેમાનોનો અને ગામવાસિઓનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.





દાદાની ધ્વજાના ચઢાવાનો લાભ લેનાર પરિવારના ચંદ્રકાંતભાઇ, મનોજભાઇ તેમજ યશવંતભાઇ

**ભાદરવા સુદ ૬ સવંત વર્ષ ૨૦૭૦ થી ભાદરવા સુદ ૫ સવંત વર્ષ ૨૦૭૧ માટેના અષ્ટપ્રકારી પૂજાના માસિક નકરા નીચે મુજબ રાખવામાં આવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧) કેસર સુખડ પુજા | રૂા. ૩,૧૦૦/- | ૨) દિપક પુજા | રૂા. ૨,૧૦૦/- |
| ૩) પક્ષાલ પુજા | રૂા. ૧,૫૦૦/- | ૪) ધૂપ પુજા | રૂા. ૧,૧૦૦/- |
| ૫) અંગ લુછણા / પાટ લુછણા | રૂા. ૫૦૦/- | | |

સર્વે ગામવાસિઓને આ નકરાનો લાભ લેવા વિનંતી.

લિ. ટ્રસ્ટીશ્રીઓ, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - મોટી ખાવડી



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

## કન્યાછાત્રાલયનું ગૌરવ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ - ૧૪

### આ છે અમારા ઝગમગતા તારલાઓ

૨૬ માંથી ૨૧ દિકરીઓ ફર્સ્ટ ક્લાસ થી વધારે માર્કસ

૩ દિકરીઓ ૯૦% થી વધારે માર્ક્સ ૯ દિકરીઓ ૭૦% વધારે માર્ક્સ


માલદે દામિની નરેન્દ્રભાઇ
M. Com.-I - 68%


ખોના હેતલ લહેરચંદભાઇ
M. Com. - 65%


લોડાયા હેમાંગી લક્ષ્મીચંદ
F.Y.B.Com. - 75%


ખોના રશ્મિતા શરદભાઇ
F.Y.B.Com. - 66%


લોડાયા જીનલ અશોકભાઇ
F.Y.B.Com. - 72%


માલદે એકતા નરેન્દ્રભાઇ
S.Y.B.Com. - 72%


લોડાયા અભ્યા પરેશભાઇ
S.Y.B.Com. - 70%


લોડાયા જીનલ સુરેશભાઇ
H.S.C. - 80%


માલદે ઉર્વી લલિતભાઇ
H.S.C. - 65%


શાહ દિક્ષા મણિલાલભાઇ
H.S.C. - 79%


નાગડા નિધી તિલકભાઇ
H.S.C. - 60%


ખોના કિંજલ દિપકભાઇ
F.Y.J.C. - 70%


ખોના કાજલ દિપકભાઇ
F.Y.J.C. - 64%


લોડાયા નિકીતા અશોભાઇ
F.Y.J.C. - 71%


લોડાયા જાનવી કીરીટભાઇ
9th - 71%


લોડાયા તોરલ નરેન્દ્રભાઇ
9th - 64%


છેડા નીતી ચેતનભાઇ
9th - 69.85%


ખોના નિકિતા કુંદનભાઇ
8th - 93.85%


લોડાયા મીરાલી કમલેશભાઇ
8th - 94.5%


ખોના રિધ્ધી શરદભાઇ
8th - 93.64%


મોમાયા યુક્તા વિરેશભાઇ
8th - 69%

હાર્દિક અભિનંદન

જ્ઞાતિ સમક્ષ અમારી દિકરીઓનું પરિણામ મુક્તા અમે ગર્વ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ. અમારી દિકરીઓએ આવુ સરસ પરિણામ લાવીને જ્ઞાતિજનોએ એમનામા મુકેલા વિશ્વાસને સાર્થક કરેલ છે. સર્વે દિકરીઓને ખુબ ખુબ અભિનંદન! આવું જ સરસ પરિણામ દરેક વર્ષે લઇ આવી શકે એ માટે શુભ કામના અને જ્ઞાતિજનોનું સુંદર સહયોગ અમને હમેશા મળતો રહે એવી અભિલાષા.

હાર્દિક અભિનંદન

## **જલમંદિર** - લીલાધર માણેક ગડા

કચ્છનો મૂળ પ્રશ્ન પાણીનો છે. પાણી ટેન્કરો દ્વારા પહોંચાડીએ જે પૂરતું નથી, કારણ કે એક ઢોર માટે રોજનું સરેરાશ ૨૫ લિટર પાણી જોઈએ અને ગામની સરેરાશ પશુઓની વસ્તી ૮૦૦ની ગણીએ તો દરરોજ વીસ હજાર લિટર પાણી પૂરું પાડી શકાય નહીં. આનો ઉપાય શું ? પ્રશ્નના ઉપાયના આયોજન વિષે વિચારીએ તે અગાઉ આ ગામડાંઓ માટેની અત્યાર સુધીની પરંપરાગત વ્યવસ્થા શું હતી તેનો વિચાર કરવો જરૂરી છે.

મારું ગામ ભોજાય ખેડુઓનું ગામ છે. અત્યારે પણ પહેલો વરસાદ સારો થાય તો ૯૫ ટકાથી વધારે જમીનમાં પોખ થઈ જાય છે. આઝાદીનાં વર્ષો દરમ્યાન અને ખરું પૂછો તો ૧૯૬૦ અગાઉ લગભગ ખેડ બળદોથી થતી હતી. ખેતરોમાંથી લણણી થઈ અનાજ ઘરે આવતાં કારતક પૂરો થાય. માગસરથી લઈ ચૈત્ર સુધી સીમમાં કામકાજ રહે. બંધ પાળા, હળોતરા, જમીનમાં કાંપ ઠાલવતો ઈત્યાદિ કામ બળદો દ્વારા થતું. આ બળદો તથા ધણ અને વગ માટે પીવાનું પાણી મળી રહે તે માટે ભોજાયમાં એક મોટું તળાવ અને આઠ દિશા ખૂણે આઠ તલાવડીઓ છે.

દર વરસે વારાફરતી એ તલાવડીઓ સાફ થતી, એમાં ખાણેત્રા થતાં અને સોના જેવો કાંપ ખેડૂતો ખેતરમાં લઈ જતાં. એક પછી એક તલાવડી મહા મહિનાથી સુકાતી જાય તો પણ છેક ચૈત્ર લગી બે-ત્રણ તલાવડીઓમાં પાણી રહેતું અને વરસાદ આવે ત્યાં સુધીના છેલ્લા બે મહિના ગામનું તળાવ અને ઉનડોઠ ગામની વાટે આવેલી તરાઈ નામે દેઢરા ગામની પાણીની જરૂરિયાત પૂરી પાડતા.

આપણા પૂર્વજોએ અંકે કરેલી આ વ્યવસ્થામાં આપણી બેદરકારીએ છીંડા પાડ્યાં છે. ડેમો કે એક ડેમો કે બોરીબંધ પર્યાય બન્યા નથી અને બનશે પણ નહીં. પાણીના વિકેન્દ્રીકરણની આ સુંદર વ્યવસ્થા ગ્રામ્ય જીવનની જરૂરીઆત સાથે મેળ ખાતી હતી.

આજે પણ મને મારા ગામની તલાવડીઓ અને લોકેશન યાદ છે. આ તલાવડીઓનાં નામ છે સાનરાઈ, કનરા, પાસીવારી, વાઢરાઈ, ફાટલ કનરા, પેઢેવારી, બાંભડતરાઈ દેઢરા. આપણી પાસે પાણીસંગ્રહનો સહેલો અને સરળ ઉપાય છે આપણા પરંપરાગત જલસ્ત્રોતોની સંગ્રહશક્તિ વધારવાનો જેમાં ઓછા ખર્ચે વધુ સારું કામ થઈ શકે છે, કારણ કે હવે આપણી પાસે જે.સી.બી., લોડર જેવાં સાધનો છે.

અમે ભોજાયમાં આ અખતરો કર્યો પાસીવારી, પેઢેવારી અને વાઢરાઈ આ ત્રણ તળાવોમાં જે.સી.બી. દ્વારા કામ શરૂ કર્યું...જે તલાવડીની માટી કસવારી હતી ત્યાં ખેડૂતો પોતાનાં ટ્રેક્ટરો લગાડી માટી ખેતરે લઈ ગયાં. જ્યાં પથરાળી જમીન હતી ત્યાં સ્વખર્ચે ટ્રેક્ટરો લગાડી તલાવડીની પાળો ઊંચી કરી, ઓગન ઊંચા કર્યા અને સાથોસાથ પાણીની આવ વચ્ચેની ઝાડી, પથરા દૂર કર્યા. જીઓલોજિસ્ટ જયેશ લાલકાએ નિરીક્ષણ અને માપણી કરી કે અત્યાર સુધીના માટી કામને કારણે ત્રીસ લાખ લિટરથી વધારે પાણીની સંગ્રહ ક્ષમતા વધી છે અને અમને ખર્ચ આવ્યો છે રૂ.૧,૧૫,૦૦૦ એટલે પ્રતિ લિટર ચાર નવા પૈસાનો ખર્ચ અને આપણે રૂ.વીસ પ્રતિ લિટરનું પાણી પીએ છીએ.

અમારો આ અનુભવ જલમંદિર અભિયાનની સાર્થકતા પુરવાર કરવા સમર્થ છે. જલમંદિર અભિયાન પ્રકલ્પનું ઉદ્‌ગમ સ્થાન છે વિવેકાનંદ રિચર્સ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ જેની પ્રેરણા આપી છે કાન્તિસેન શ્રોફે અને એ પરિકલ્પનાને સાકાર કરવા સબળ ટેકો આપ્યો શ્રી તુલસી ગજરાએ. ડાયરાના માધ્યમ દ્વારા જલમંદિર અભિયાનને કચ્ચના ગ્રામ્યજનો સુધી લઈ ગયા લાલ રાંભિયા. ગામડે ગામડે જલ એ જ જીવન વિષય લઈ ડાયરાઓ ગોઠવાતા અને પ્રતિ મહિને લગભગ વીસેક ગામડાંઓમાં ડાયરા સાથે રેયાણ થતી. કચ્છ ત્યારે એનું મહત્ત્વ સમજી ન શક્યું. જીવદયા અને આપણા ૫૨-૪૨ની પાંજરાપોળથી પર કશુંક થઇ શકે છે તેવો વિચાર આપણે કર્યો નહીં.

દહીંસરા ગામના આવા એક ડાયરામાં સ્વામિનારાયણ સંત શ્રી માધવ પ્રિયદાસજી ઉપસ્થિત હતા અને તેમણે આ વિચારબીજને પકડી લીધું. લાલ રાંભિયાને તેઓ સૌરાષ્ટ્ર લઈ ગયા, શ્રેષ્ઠીઓ અને દાનવીરો સાથે મુલાકાત કરાવી અને સળંગ દોઢ મહિના સુધી લાલના ડાયરાઓ દ્વારા પાણીના પ્રશ્ને અને નિરાકરણ રૂપે જલમંદિર અભિયાનની વાત લોકો સુધી પહોંચાડી.

આજથી દશેક વર્ષ અગાઉ સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટનું નિર્માણ થયું. સંતો અને એમના શાગિર્દો એમાં જોડાયા. સૌરાષ્ટ્રના દાનવીરોની દાનની સરવાણી અને લોક ભાગીદારી એમાં રંગ લાવી અને હજારો છે ડેમો બન્યા, તળાવો ઊંડાં થયાં, કૂવાઓ રિચાર્જ થયા અને 'ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં જ સચવાય' એ સૂત્ર વહેતું થયું. આજે એક સારો વરસાદ સૌરાષ્ટ્રનાં તળાવોને

છલકાવી દે છે અને આશરે દોઢેક વરસ ચાલે એટલા પાણીનો સંગ્રહ થાય છે.

ભોજાય અને મોટા ભાડિયા ને સમાંતર લખપત તાલુકાનાં સાયણ નાની, સાયણ મોટી, જુલરાઈ, બરંદા ધ્રાગાવાંઢમાં તથા અબડાસા તાલુકાનાં તેરા, કોણાઠિયા, મોટી સુડધ્રો ગામમાં કુલ મળી આઠેક તળાવોનું કામ શરૂ કરવામાં આવ્યું. પ્રત્યેક તળાવની કામગીરી છ દિવસથી ૧૫ દિવસ સુધી થાય છે. આ કાર્યવાહીના ખર્ચની વિગતો આ પ્રમાણે છે.

એક જે.સી.બી. દરરોજ અંદાજે ૨૨૫થી ૨૭૫ ઘન મીટર માટી ખોદી, ઉપાડી, ટ્રેક્ટરો અથવા લોડરોમાં ભરી આપે. એક જે.સી.બી.નો દરરોજનો ખર્ચ રૂ.૬૫૦૦/- આવે. કસવાળી કાંપ જેવી માટી હોય તો ગામલોકો ટ્રેક્ટરો લગાડી માટી પોતાના ખેતરોમાં લઈ જાય અન્યથા ત્રણ ટ્રેક્ટરો લગાડી પથ્થરવાળી માટી પાળ અથવા ઓગન ઊંચું કરવા વપરાય. ત્રણ ટ્રેક્ટરોનો ખર્ચ પ્રતિ દિવસ રૂ.૫૪૦૦/- આવે અને અન્ય ખર્ચ પ્રતિ દિવસ રૂ.૧૬૦૦/- લઈએ તો પ્રતિ દિવસ સરેરાશ ૨૫૦ ઘનમીટર માટી ખસેડવાનો ખર્ચ રૂ.૧૨૫૦૦/- આવે. દશ દિવસનો ખર્ચ રૂ.સવા લાખ, અને ૨૫૦૦ ઘન મીટર માટી ખસેડાય. એક ઘન મીટર એટલે ૧૦૦૦ લિટર અને ૨૫૦૦ ઘ.મીટર અટલે ૧૦૦૦ લીટર અને ૨૫૦૦ ઘ.મીટર એટલે ૨૫ લાખ લિટર. પચીસ લાખ લિટર પાણીની સંગ્રહશક્તિ વધારવાનો પૈસા લિટર. આ ખર્ચ મહત્તમ છે.

જયેશ લાલકા અબડાસા તાલુકાના બાંડિયા ગામના છે. તેઓ આમ તો ભૂસ્તરશાસ્ત્રી - જીઓલોજિસ્ટ છે, પરંતુ ચેક ડેમ, તળાવ, વોકળા, તળાવનું તળ ઈત્યાદિનો બહોળો અનુભવ છે. તળાવનાં અડધા કલાકના તેમના નિરીક્ષણ પછી તેઓ તળાવની કુંડલી બનાવી આપે. તળાવની સંગ્રહશક્તિ, સંગ્રહશક્તિમાં કેટલો વધારો થઈ શકે, તળાવના તળ અંગે તેની માટી અંગે, આસપાસના ખડકો અને વિશેષતઃ પાણીની આવ તથા ઓગન અંગેની માહિતી કોમ્પ્યુટરમાં સામેલ કરી કુંડલી બનાવે અને ઓછામાં ઓછા ખર્ચે પાણીનો મહત્તમ સંગ્રહ થઈ શકે તેવું આયોજન કરી આપે.

સાયણ(નાની) ગામમાં જૂના ઓગનને રદ કરી નવું ઓગન બનાવ્યું અને તેમ કરતાં પાણી સંગ્રહ કરવાનો ખર્ચ આવ્યો માત્ર અઢી પૈસા. જુલરાઈ ગામમાં તળાવની પાળને સરખી કરી, વિસ્તાર વધારી અને કામગીરી થઈ તો ખર્ચ આવ્યો માત્ર ત્રણ પૈસા અને ત્યાં જો સારો વરસાદ થશે તો વધારાનું એક કરોડ લિટર પાણી સંગ્રહ થઈ શકશે.

જલમંદિર અભિયાનમાં ઓછા ખર્ચે વધારેમાં વધારે પાણી સંગ્રહ થઈ શકે તેની સતત ખેવના રહે છે અને ભાઈ જયેશ લાલકાનું એમાં સૌથી મોટું યોગદાન છે.

જયેશભાઈ લાલકાએ ૬૬ તળાવોનું સર્વેક્ષણ કરાવ્યું છે. તે તળાવો પાછળ રૂ.એક કરોડથી વધારે ખર્ચ નથી. અને અડધો લાખથી વધારે પશુઓ અને અગણિત પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા થઈ શકશે. એક પશુદીઠ માત્ર રૂ.એક હજારનો ખર્ચ અને આ બધું પશુધન ઉપજાઉ છે. માંડવી તાલુકાના એક મંદિરના નિર્માણ અને ઉજવણી પાછળ થયેલ ખર્ચમાં માત્ર દશ ટકાની બચત કરવામાં આવી હોત તો અને એ ધનરાશિ અહીં વાળવામાં આવી હોત તો ૬૬ જલમંદિરો ઊભાં થઈ શકે. ચોમાસામાં ચાતુર્માસ ઉજવણી ગામેગામ થાય છે. આ બિનઉપજાઉ ખર્ચમાં અઢીથી પાંચ ટકાની કરકસર કરી એક એક ગામ એક એક જલમંદિર ઊભું કરી શકે.

જલમંદિર અભિયાન આપણી મહાજન પરંપરા આધારિત છે, જેમાં જરૂરિઆતનો અગ્રતાક્રમ નક્કી થાય છે, જ્યાં વેડફાટને અવકાશ નથી, જેમાં કરકસરને પ્રાધાન્ય અપાય છે અને છેવાડેના વિસ્તારમાં છેવાડેના ગામના છેવાડેના માણસ પશુ-પક્ષીએ માટે કામ થાય છે.

આ અભિયાનમાં ચંદ્રકાંત ગોગરી, તારાચંદ છેડાનો પણ અપૂર્વ સહયોગ છે. જલમંદિર અભિયાન શ્રી ક.દ.ઓ.મહાજન ભૂજના નેજા હેઠળ સંપૂર્ણ પારદર્શિતા, કરકસર અને ચોક્કસાઈથી ચાલે છે.

આપ આ અભિયાનમાં પ્રેમપૂર્વક જોડાઈ શકો છો અને યથાશક્તિ અનુદાન આપી શકો છે. અનુદાન ચેક મારફત શ્રી ક.વિ.ઓ.જૈન a/c જલમંદિર અભિયાનના નામે મોકલી શકો છો. બેંકમાં સીધા જમા કરાવવા માટે

બેંક: યુનિયન બેંક ઓફ ઈન્ડિયા.
A/c No.:350602010808012
RTGS UBI No535061

**- પગમાં ભમરીમાંથી સાભાર**

***અબડાસાના તળાવ ઊંડા કરવા અંગેનો જયેશ લાલકાનો લેખ ટૂંક સમયમાં પ્રગટ થશે.***

**અસલ કલા-કસબનો સમન્વય**
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ ચણીયાચોળી ઘરચોળા બોર્ડરો પાનેતર
બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

ચેન્નઈના જ્ઞાતિજનોએ
હોંશભેર આવકાર્યા
પોતાને ત્યાં પધારેલા
યૂથ એમ્બેસેડરોને...






























મન - વચન - કાયાના ત્રિવીધે

મિચ્છામી દુક્કડમ્

અશોક સોમચંદ ઝવેરી (દંડ)
વરાડિયા - વડાલા (મુંબઈ)
મો.: ૯૮૨૧૧૪૪૩૨૪ - ૭૭૧૮૦૫૪૭૭૦
ફોન : ૦૨૨ - ૨૪૧૨ ૨૮૬૪

## મિચ્છામિ દુક્કડમ્

સૌને ભાવથી ખમાવીએ....
ખમાવીએ સૌ વેરીને, વહાવી પ્રેમના ઝરણા;
‘રશ્મિન્’ મહેકી વસુંધરા, એજ સાચા ખમતામણા.
- રશ્મિન ખોના(મુંબઈ)

## ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## 'મહાજનવાડી સામી ચાલ' મિલકતનું વેચાણ

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા નામદાર ચેરીટી કમિશનર સમક્ષ મહાજનવાડી સામી ચાલ તરીકે ઓળખાતી લગભગ ૩૪૫ ચો.મી. જમીન અને મકાન સાથેની મિલકતનું વેચાણ રૂપિયા ૧ કરોડ ૭૫ લાખમાં ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટને કરવાની બાબતે મંજુરી મેળવવા જે અરજી કરાયેલ છે, તેની સુનાવણી ૮ ઓક્ટોબર ૨૦૧૪ ના નિર્ધારિત થયેલ છે.

## મૈશેરી - ખોના પરિવારનું ગૌરવ



### ચિ. ગૌરવ ખુશાલ મૈશેરી

(લાલા-નાશિક)

અમારો લાડલો દીકરો ગૌરવ MBA માં પ્રથમ ક્રમાંકે ૬૩.૩૯ % માર્કસ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. દાદાણા-નાનાણા પરિવારો તરફથી ચિ.ગૌરવને ખૂબ ખૂબ અભિનંદન ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરીને હંમેશા સફળતાના શિખરો સર કરે એવી શુભકામનાઓ.

**દાદી-દાદા :**
સ્વ.રાજબાઈ મુલજી રતનશી મૈશેરી - (લાલા)

**નાની-નાના :**
ગં.સ્વ.લીલાવંતી વીરચંદ ખોના-(બારોઈ -હુબલી)

**માતા-પિતા :** હિના ખુશાલ મૈશેરી (નાશિક - લાલા)

**ભાઈ :** મિહિર ખુશાલ મૈશેરી (નાશિક - લાલા)

## પર્યુષણ પર્વમાં વિવિધ સ્થળોના દેરાસરજીઓમાં સ્વપ્ન ઘૃતના અપાયેલા આદેશો (કુલ મણમાં)

(૧) અનંતનાથજી દેરાસરજી મસ્જીદ બંદર (૭,૫૧,૦૦)
(૨) શ્રી આદેશ્વર દેરાસરજી ભાંડુપ (૨,૫૧,૦૦૦)
(૩) અનંતછાયા ઘાટકોપર (૭,૦૦,૦૦૦)
(૪) શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વે.જૈન સંઘ (૨૮,૦૧,૬૬૫)
(૫) શ્રી જીરાવાલા દેરાસરજી ઘાટકોપર (૧૩,૦૭,૯૧૩)
(૬) મુલુંડ ઝવેર રોડ દેરાસરજી અચલગચ્છ અને તેરા પંથ (૩૦,૦૦,૦૦૦)
(૭) ડોંબિવલી પૂર્વ સુવિધિનાથ દેરાસરજી (૫,૩૨,૦૦૦)
(૮) ડોંબિવલી પશ્ચિમ (૨,૦૦,૦૦૦)
(૯) ગઢશીશા (૧૧,૬૬,૦૧૨)
(૧૦) કોઈમ્બતુર (૫,૦૧,૨૬૨)
(૧૧) કચ્છ નલીયા (૧,૫૧,૦૦૦)
(૧૨) જખૌ (૭૨,૬૫૭)
(૧૩) તેરા (૫૫,૫૫૫)
(૧૪) સુથરી (૧,૦૮,૯૦૦)
(૧૫) સાંધાણ (૫૬,૦૦૦)
(૧૬) રાપર (૧,૨૫,૦૦૦)
(૧૭) સાંધવ (૩,૧૬,૦૦૦)
(૧૮) વારાપધર (૧,૫૬,૩૯૦)
(૧૯) લાલા (૩૩,૭૦૦)
(૨૦) સાંયરા (૨૪,૦૦૦)


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
**તન મન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


ક્ષમાપના ધાર્મિક રીતે જ નહીં વ્યવહારિક રીતે પણ સારી વાત છે. તેનાથી આજના જમાનાનો ટેન્શન નામનો સૌથી મોટો રોગ કાબુમાં રહે છે. ચાલો આપણે શુધ્ધ ભાવથી એકમેકને કહીએ... મિચ્છામિ દુક્કડમ્

તન-મન-પરિવાર


શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI Continental ™
MADHUBAN - JHARKHAND
06558-232429

## ભારતીય જૈન નારી માટે નારી સશક્તિકરણથી પ ણપહેલાં નારી જાગરણની જરૂર છે.

**શ્રીમતી નલીની પ્રવીણચંદ્ર ધરમશી** (કોઠારા - સુરત) મો. 09228784968

**વનિતા**



**વિશ્વ**

આપણે અવારનવાર છાપામાં વાંચીએ છીએ કે અમુક ભારતીય મહિલા અમુક બેંકની કે મલ્ટીનેશનલ કંપનીની ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર બની. આ વાંચી આપણને ગર્વ થાય છે કે હવે ભારતીય નારી પણ પ્રગતિના પંથે છે. તે ભારે એન્જીન પણ ચલાવે છે.

થોડા સમય પહેલાં મારા પતિએ એક લેખ લખેલો જેમાં દસ સફળ ભારતીય સ્ત્રીઓના નામ હતા. મેં તેમાંથી જૈન નામ તારવવાની ખૂબ કોશિશ કરી પણ વ્યર્થ. આવી યાદીઓમાં જોકે ટાઈમ્સ ઓફ ઈંડિયા ગ્રુપના શ્રીમતી ઈંદુ જૈનનું નામ નજરે ચઢે છે પણ તે તેમણે મેળવેલી સિધ્ધિને કારણે નહીં પણતેઓ જે કુટુંબ સાથે સંકળાયેલા છે તેને કારણે.

જૈન ધર્મ એવા વિરલ ધર્મોમાંથી એક છે જ્યાં નારીનો આદર થાય છે, પુજા થાય છે. ચતુર્વિધિ સંઘના ખ્યાલમાં શ્રાવક અને સાધુ સાથે શ્રાવિકાઓ અને સાધ્વીઓને પણ જૈન સંઘના આધારસ્તંભ માનવામાં આવ્યા છે. જૈન ધર્મ સ્ત્રીને સાંસરિક જવાબદારીમાંથી મુક્ત થઈને આત્મકલ્યાણ માટે સાધ્વી થઈને પુર્ણપણે ધર્મ આરાધના કરવાની છુટ આપે છે. આવી સ્પષ્ટ છૂટ બહુ ઓછા ધર્મોમાં જોવા મળે છે. એકંદરે ધર્મ પણ પુરુષોના ઈજારા જેવો છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

મને ખુશી છે કે આપણી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટની ગઈ ચુંટણીમાં સારી સંખ્યામાં સ્ત્રીઓ ચુંટાઈ હતી અને પદાધિકારીઓ બની. પણ જૈન મહિલઓની બહુમતિ સમય પ્રમાણે બદલાઈ નથી. હું એમનામાં પહેલાં જેટલી જ ભારે અને મોંઘા વસ્ત્રોની - ઘરે માની - બ્યુટી પાર્લરમાં જઈ નિખરવાની તેમજ કીટી પાર્ટી પાના રમવા અને અંતાક્ષરી જેવા ઓછો બુદ્ધિ એક પણ ચાલે તેવી પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહેવાની ઘેલછા જોઉં છું.

## ધુમ પરિવાર નલીયા (કચ્છ) તા. અબડાસા નો વારસાઈ આંબો.

**શા. લાલજી શામજી**

મકાન નંબર : ૧/૪/૬૦ થી ૧/૪/૬૪ — લુહાર ચકલ્લો નલીયા



**પ્રસ્તુતકર્તા : ધુમ પરિવાર વતિ કાનજી મણીલાલ (ભરૂચ)**

હું જેની સભ્ય છું તે જૈન સોશ્યલ ગ્રુપે તાજેતરમાં મહિલા સશક્તિકરણનો કાર્યક્રમ યોજ્યો હતો. તેનો મુખ્ય વિષય (હિસ્સા) હતો ફેશન શો! ‘તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત’ એ મહિલાને વ્યક્તિથી વસ્તુ સુધી ઉતારી પાડતું ગીત મહિલાઓમાં પણ એટલું જ લોકપ્રિય કેમ છે, એની આ જોઈને નવાઈ નથી લાગતી. જ્યારે સ્ત્રી પોતાને એકવીસમી સદીના બીજી દાયકામાં પણ શોભાની પુતળી કે ચીજ માનતી હોય તો પછી સ્ત્રી સશક્તિકરણની વાતો કરવાનો શો અર્થ છે?

કોણ સમજાવશે કે આ પ્રકારના ફેશન શો જૈન ધર્મ સાથે સુસંગત નથી. મહિલાઓ માટેની મોટાભાગની સ્પર્ધાઓ આજે પણ રાંધણકળા - ગરબા અને દાંડિયા રાસ - વાળ ગુંથણી - મેહંદી - અંતાક્ષરી અને હાઉઝી કે ધાર્મિક પ્રશ્નોતરી જેવા જમાના જુના વિષયો સુધી સીમિત છે. આમાં સૌથી ખેદ પમાડનારી વાત એ છે કે ભણેલી મહિલાઓ પણ તેમાં હોંશે હોંશે ભાગ લે છે!

સમય પાકી ગયો છે કે આપણે બાળકોના વાલીઓ તરીકે, ભણેલા ગણેલા અને જાગૃત મા - બાપ તરીકે આપણી દીકરીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે યોગ્ય રીતે સજ્જ કરીએ દિવસે દિવસે જીવન અટપટું બની રહ્યું છે. વળી વિભક્ત કુટુંબનું જીવન તાણ વધારી રહ્યું છે. આપણી દીકરીઓ માત્ર સંધવા - ધોવા જેવી બાબતોમાં જનહીં અનકે વિધ બાબતોમાં નિપુણ હોવી જોઈએ.

થોડા સમય પહેલાં હું અને મારા પતિ એક મારવાડી સમાજસેવકને મળ્યા. તેઓ પોતાના સમાજના બાળકોને માટે અંગ્રેજી અને રીતભાતના વર્ગ ચલાવી રહયા છે. આપણે પણ આપણા યુવાનો અને ખાસ કરીને દીકરીઓ માટે સર્વાંગીણ વ્યક્તિત્વ વિકાસના વર્ગો ચાલુ જોઈએ.

મને લાગે છે કે મહિલા સશક્તિકરણથી પણ પહેલાં જરૂર છે મહિલા જાગૃતિની!

**શ્રી અંબઈમાં નાગડા પરિવાર - પરજાઉ**

જય માતાજી સહર્ષ જણાવવાનું કે પરજાઉમાં નાગડા ગોત્રના (મેપાણી) કુળદેવી અંબઈમાંને નમતા ભાવિકો જોગ માતાજીની સમુહ પહેડી કારતક સુદ પૂનમને ગુરૂવાર તા.૦૬.૧૧.૧૪ના સવાર ૧૦ થી ૧૧ શુભ મુર્હુતે રાખેલ છે. તા.૦૫.૧૧.૧૪ના રાત્રે ૬.૩૦વાગે માતાજીના ગરબા રાખેલ છે. સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને ભાવ ભર્યુ આમંત્રણ છે.

**પહેડીના દાતા:**

**શ્રી દામજી ચત્રભોજ નાગડા**

**(કોઠારાવાળા)**

*સંપર્ક*

**શ્રી મણિલાલ ચત્રભોજ નાગડા**

09323671290

**શ્રી દામજી ચત્રભોજ નાગડા**

09687708556

**અવસર સારીઝ**

સંપર્ક: દિનેશ દેઢિયા

92234 25676

Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.

ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી

કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક

બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી

પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

## પ્રથમ પુણ્યતિથિએ
## સ્મરણાંજલિ



**સ્વ.હર્ષદ કાંતિલાલ વેરશી લોડાયા**
મોટી ખાવડી (હાલાર)
સંબંધ યાત્રાનો અંત:- તા.૦૬.૦૯.૨૦૧૩

જીવન એવું જીવી ગયાં કે કદીયે ભુલાય નહીં,
વિદાય એવી લીધી કે કદીયે વિસરાય નહિં,
પરિવારને ખોટ પડી એવી,
જે કોઈનાથી કદીએ પુરાય નહીં,
પણ મોક્ષ પંથે જનારને
કોઈથી રોકી શકાય નહીં,
પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે
એવી અમારી પ્રાર્થના !

**સહૃદયી સ્મરણાર્થી**
માતુશ્રી ભાવનાબેન કાંતિલાલ વેરશી લોડાયા
પરિવાર (મોટી ખાવડી)
**ધર્મપત્ની** : કલા હર્ષદ કાંતિલાલ લોડાયા
**પુત્ર-પુત્રી** : રોમીલ-ઈશા
માતુશ્રી લીલાવંતીબેન ગોવિંદજી રતનશી
ખોના પરિવાર (ઘાટકોપર)

**સ્મૃતિ સંસ્કરણ**
**COST 2 COST**



HARDIK ABHINANDAN
**CHI. RUSHABH GIRISH DAND**
(LALA - AHMEDABAD)
C.A. PASS
SHUBH ASHISH:
DADI-DADA : PURBAI LAXMICHAND DAND
NANI-NANA : MEENABEN PRAVIN DAGA

## સુવિચાર

- સંન્યાસીના ખાનગી સંસાર કરતાં પણ સંસારીના ખાનગી સંન્યાસ વધારે મુલ્યવાન હોય છે.
- સદાચારી તથા સજ્જન માણસ જીભ હલાવ્યા વગર સેકંડો માણસોને સુધારી શકે છે જ્યારે દુરાચારી પાખંડી તથા જેનું આચરણ યોગ્ય હોય એવા હજારો ઉપદેશથી એક ને પણ સુધારી શકતા નથી.
- દરેક સમાજ તેના ચારિત્ર્યશીલ ગૃહસ્થો સજ્જનો તથા સચ્ચા તપસ્વીયોથી ઉજળૂ હો છે સમાજના ધર્મશીલ તપસ્વીયો જેટલા સાચા અને સારા કર્મશીલ તપસ્વીઓ થકીજ ઉજળું હોય છે.
- દુષ્ટ અને દંભી મહાનુભાવોને જ્યારે સારો હોવાનો ઢોંગ કરવો પડે ત્યારે સમજવું કે ભલા માણસની ભુલ થઈ છે.

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ :
૫.૧૧.૧૯૭૨



અરિહંત શરણ :
૨૫.૮.૨૦૧૨

**સ્વ. રાજેશ ઠાકરશી ડાઘા**
ગામ : વરાડીયા - આદિપુર

રાત્રી વિતી, દિવસો વિત્યા,
સદા તારું 'સ્મરણ' રહે
જે પળ વિતી, કલાકો વિત્યા,
'યાદ'માં આસું અવિરત રહે,
શમણું લાગે છે, તું અમારી વચ્ચે નથી.
પ્રાર્થના છે, અરિહંતને સદા
તને એમનું શરણ રહે.

**સહૃદયી સ્મરણાર્થી**
દાદાણા : ચત્રભોજ ભીંયસી ડાઘા પરિવાર - વરાડીયા
સસરા : કાંતિલાલ કરમશી દંડ પરિવાર - મંજલ
નાનાણા : રાઘવજી હીરજી લોડાયા પરિવાર - બાંડીયા

## સમાચાર સંકલન

પ્રકાશ સમીક્ષા — સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ગઢશીશા તિર્થથી સુથરી તેમજ દેઢીયા ગુણપાર્શ્વ તિર્થનો છ'રી પાલકસંઘ

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.,સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજીમ.સા., ગણિવર્યશ્રીઓ તથા શ્રમણ-શ્રમણીવૃંદની શુભપાવન નિશ્રામાં શ્રી ગઢશીશા તીર્થથી સુથરી તેમજ દેઢીયા ગુણપાર્શ્વ તિર્થનાં છ'રી પાલક ૧૧ દિવસીય સંઘનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૦૯.૧૧નાં સંઘ ગઢશીશા તિર્થેથી પ્રયાણ કરશે. દેવપુર, કોટડા રોહા, તેરા-નલીયા, જખૌ, સિંઘોડી, કોઠારા, સુથરી, સાંધાણ, ડુમરા થઇ તા.૧૯.૧૧નાં ગુણપાર્શ્વતિર્થ દેઢીયા પહોંચશે. તા.૨૦.૧૧નાં દેઢીયા ગુણપાર્શ્વતિર્થે સંઘમાળ યોજાશે.

દરરોજ પૂજ્યશ્રીઓનાં સ્વમુખે માંગલિક, પદયાત્રા, પરમાત્મા દર્શન, પૂજા, ચૈત્યવંદન, ધાર્મિક પ્રવચનો તથા વિવિધ આરાધનાંઓ સાથેના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

શ્રી સંઘના લાભાર્થી સંઘપતિનો લાભ માતુશ્રી ગંગાબેન ગોવિંદજી ગડા ગઢશીશા પરિવારે લીધો છે.

છ'રી પાલક શ્રી સંઘમાં જોડવવા ફોર્મ ૭૨ જિનાલય તીર્થ, ગઢશીશા તીર્થ તથા દરેક ગામોનાં જિનાલય પેઢી ઉપરથી મળી શકાશે. તા.૩૧.૦૮ સુધીમાં ફોર્મ ભરીને મોકલી આપવાનાં રહેશે. આ સંઘને સફળ બનાવવા શ્રી સંઘની મુખ્ય સમિતિ તથા સલાહકાર સમિતિ જહેમત ઉઠાવી રહેલ છે. ગઢશીશામાં તાડામાર તૈયારીઓ ચાલી રહી છે, તેવું ગોવિંદજી લાલજી ગડાએ જણાવ્યું હતું.

### શ્રી.કે.ડી.ઓ.જૈન મહાજન સાંગલી

શ્રી.કે.ડી.ઓ.જૈન મહાજન સાંગલીની વાર્ષિક જનરલ મિટીંગ સાંગલી કચ્છી જૈન સમાજ ભવનમાં તા.૨૭.૦૭.૧૪ના મળી હતી. પ્રારંભે પ.પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી એ માંગલિક સંભળાવ્યું. શ્રી અમિજરા પાર્શ્વનાથદાદા તેમજ જ્ઞાતિ શિરોમણી શ્રી નરશી નાથાના ફોટાને માલારોપણ કરવામાં આવ્યું. સૌ.હેતલબેન છેડાએ નવકાર મંત્ર સંભળાવ્યું. મિટીંગ શ્રી પ્રવિણભાઇ રામજી લોડાયાની અધ્યક્ષતામાં શ્રી ઉત્તમભાઇ ખોનાની પ્રમુખતામાં યોજાઇ. કમિટી મેમ્બર શરદભાઇ, મિલનભાઇ તથા વનરાજભાઇ હાજર હતા. જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

શ્રી ઉત્તમભાઇએ મહાજનની પ્રવૃત્તિઓની માહિતી આપી તેમજ સભ્યોને મેડીક્લેમ, સામાજીક સુરક્ષા, શૈક્ષણિક લોન, સ્કોલરશિપ અને માયનોરીટી સર્ટીફિકેટ વગેરેનો લાભ લેવા અનુરોધ કર્યો.

સમસ્ત મહાજન દ્વારા યોજાનારા રાયપુર જ્ઞાતિ સંમેલનમાં સાંગલી-મિરજ

### નર્મદાના નીર સૂકી ધરતીની કાયાપલટ કરશે

જિલ્લાના અંદાજે ૧,૧૩,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ માટે નર્મદાના પાણી પહોંચે તે માટે કુલ ૩૫૭.૧૮૫ કિ.મી.લાંબી કચ્છ શાખા નહેરના બાંધકામનું કામ ઝડપભેર આગળ વધી રહ્યું છે. ૩૫૭.૧૮૫ કિ.મી. કચ્છ શાખા નહેરમાંથી ૮૨ કિ.મી.શાખા નહેરનું બાંધકામ પૂર્ણ થઇ ગયું છે એટલું જ નહીં પણ મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલે સાંતલપુર તાલુકાના ઝઝામ ગામે શાખા નહેરમાં નર્મદાના પાણી વહેતા કરતા આ ૮૨ કિ.મી.ની કચ્છ શાખા નહેરમાં નર્મદાના પાણીનો ધસમસતો પ્રવાહ વહેતો થયો છે

રાજ્ય સરકારના આયોજન મુજબ ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં કચ્છ શાખા નહેરની કુલ ૧૪૪કિ.મી.લંબાઇ માં નર્મદાના પાણી વહેતા થાય તે દિશામાં નહેરનું બાંધકામ આગળ વધી રહ્યું છે જ્યારે કચ્છ શાખા નહેરનું તથા તેમાંથી નીકળનાર વિશાખા, માઇનોર અને સબમાઇનોર નહેરોના બાંધકામનું કામ આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર આયોજન કરતા એ દિશામાં પ્રયાસો ઝડપભેર આગળ વધી રહ્યા છે.

**પ્રેષકઃ લબ્ધિકુમાર મોમાયા**

-ઈચલકરંજી અને કોલ્હાપુરનાં પ્રતિનિધિ નક્કી કરવા અંગે વાતચીત થઈ. યુથ એક્ચેંજ માં ભાગ લેવા યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને બક્ષિસ આપવામાં આવી.

ગતવર્ષનો અહેવાલ અને હિસાબ રજુ કરવામાં આવ્યા. કારોબારી સમિતિની મુદત સર્વાનુમતે વધારવામાં આવી.યુવા પ્રતિનિધિ તરીકે શ્રી પ્રતિક રામજી લોડાયા ની નિમણુક કરવામાં આવી.

શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓશવાલ જૈન સમાજ કોલ્હાપુર-સાંગલીના ત્રણ વર્ષ માટે અધ્યક્ષ ચુંટાયેલા ઉત્તમભાઈ ખોનાનું સન્માન કરવામાં આવેલું.

કરાડથી પધારેલ વન વિભાગના માનદ વૉર્ડન રોહન મધુકર શાહએ સહ્યાદ્રીના જંગલમાંના પોતાના અનુભવો તેમજ પશુ-પક્ષી તથા વનસ્પતિ પ્રોજેક્ટરો દ્વારા માહિતી આપી, પર્યાવરણ સંતુલન જાળવવા અનુરોધ કર્યો.

આભાર વિધિ શરદભાઈ એ કરી. આ પ્રસંગે સ્નેહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### ક.દ.ઓ.જૈન મહિલા મંચ-નાગપુર

તા.૧૨ જુલાઈ ૨૦૧૪ના સૌ.મધુ મુનવરને ત્યાં મિટીંગ યોજાઈ હતી. જેમાં જીવ વિચારની પરીક્ષામાં પ્રથમ તથા દ્વિતીય આવનાર મહિલાઓને મહિલામંચ તરફથી ઈનામ આપવામાં આવ્યું. નાગપુરમાં અનુક્રમે સૌ.મીના મૈશેરી તથા સૌ.તૃપ્તિ ખોનાને આ ઈનામ મળ્યા હતાં.

સહુએ મળીને જીવદયા ખાતેનો ફાળો જમા કર્યો. હાઉસીની રમતમાં પ્રથમ ઈનામ સૌ.કાજલ પોલડિયા તથા દ્વિતીય ઈનામ સૌ.પ્રગતિ ખોનાને મળ્યું. સૌ.મધુબેને લગ્નપ્રસંગે કરવામાં આવતી સાડીની પેકીંગ તથા તેને કઈ રીતે શણગારવું તે શીખવાડયું.

તા.૨ ઑગસ્ટ ૨૦૧૪ના સૌ. સુમતિબેન લોડાયાને ત્યાં મહાકાલી માની ભાવના તથા મિટિંગ યોજાઈ હતી. મિટીંગ દરમ્યાન મોબાઈલ નંબરની અંક ગેમ રમાડવામાં આવી જેમાં સૌ.તૃપ્તિબેન ખોના જીત્યા હતા.

### મેરાઉ ગામે 'સત્સંગનો મહિમા' કાર્યક્રમ

માંડવી તાલુકાનાં મેરાઉ ગામે પૂ.ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. આદિઠાણા -૪ની શુભનિશ્રામાં 'સત્સંગનો મહિમા' કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્યશ્રીએ અનેક દ્રષ્ટાંતોથી, મળેલ માનવજન્મ અને જીવનમાં સત્સંગની ઉપયોગીતા સમજાવી હતી. માનવજ્યોત સંસ્થા ભુજના શ્રી પ્રબોધ મુનવરે માનવસેવા અને જીવદયાનાં કાર્યોની સમજ આપી હતી.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકોઓએ પ્રભુદર્શન-ગુરૂવંદનનાં નિત્યક્રમ સાથે જીવનમાં સ્વહાથે ઉત્તમ કાર્યો કરવા સંકલ્પ કર્યો હતો. આ અવસરે માનવજ્યોત સંસ્થા ભુજને રૂ.૧૧હજારનું અનુદાન અપાયું હતું. માનવમિત્ર વલ્લભજીભાઈ એ પ્રસંગ પરિચય આપી માનવસેવા-જીવદયાનાં કાર્યોની અનુમોદના કરી હતી. જેન્તીભાઈ, ભવાનજીભાઈ તથા સર્વે આગેવાનોએ વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો.

### માનવ જ્યોત ભુજદ્વારા ઉંચી બીલ્ડીંગોમાંથી એઠવાડ ભરેલા ઝબલા ન ફેંકવા સમજ અપાઈ

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજ શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં શેરીઓની અંદર જઈ તેમજ ઊંચી બિલ્ડીંગોમાં ફ્લેટોમાં રહેતા પરિવારોને કાપડની થેલીઓ વિતરણ કરાઈ હતી.

કેટલીક ઉંચી બીલ્ડિંગોમાંથી પ્લાસ્ટીકનાં થેલી-ઝબલાઓમાં એઠવાડ નાખી ઝબલા ફેંકતા લોકોને ગૌ માતાને બચાવવા અપીલ કરાઈ હતી.

પ્રબોધ મુનવર, ભવાનજી ઠક્કર, શંભુભાઈ જોશી, પૃથ્વીરાજસિંહ જાડેજા, તથા સર્વે કાર્યકરોની ટીમ શહેરનાંજુદા-જુદા વિસ્તારોમાં ફરી વળી હતી. અને લકોને પ્લાસ્ટીક થેલી-ઝબલાનો ઉપયોગ બંધ કરવા સમજ આપી હતી.

---

## શ્રી જય ત્રિભુવન પાર્શ્વનાથ જૈન તીર્થ

આંધ્રપ્રદેશ અને હાલ તેલંગાણામાં હૈદ્રાબાદથી એકથી દીઢ કલાક અંત મંડા રેલ્વે સ્ટેશનની સામે પૂર્વમાં નૂતન જિનાલય વિશાળ પટાંગણમાં આવે છે. યોગા રંગારેડી જિલ્લાનાં કૂમેશ વિલેજ સ્થિત શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જિનાલય બાદ બીજા નંબરે આ તીર્થધામ છે.

*(અનુસંધાન ૧૫માં પાને)*

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જયેશ ડી.મુનવર** | બી-૧૧૦, મહાવીર ધામ, સાઈ કૃપા કોમ્પ્લેક્ષ, વસંત નગરી ગ્રાઉન્ડ, વસઈ (પૂ) - ૪૦૧૨૦૮ |
| **ગોવિંદજી એચ.નાગડા** | ૬/૮૭, ગુરૂપ્રસાદ કૉ-ઓ.હૉ.સો.લિ.,૨૪ બુંદ ગાર્ડન રોડ, પુણે - ૪૧૧૦૦૧ (મહારાષ્ટ્ર) |
| **ધનલક્ષ્મી મણિલાલ ખોના** | અનિલ એન્ડ અનંત એસ્ટેટ, ચાલ નં-૨, રૂ.નં-૧૦, ગંગર શૉપની નજીક, વિલેજ રોડ, ભાડુંપ (પ) મુંબઈ-૪૦૦ ૦૭૮ |
| **પ્રણવ જયકાંત દંડ** | સી-૮૦૨, શ્રી ગણેશ ગ્રેશલેન્ડ, રેમ્બો પ્લાઝાની પાછળ, હોટેલ સિવર ગાર્ડનની નજીક, પિંપલ સૌદાગર, પુણે - ૪૧૧ ૦૧૭ |
| **નવીન ધનજી હંસરાજ દંડ** | ૨૦૧-એ, અંબર-મહાવીર રેસીડેન્સી, ૧૩૫/૨, કિરોલ લેન, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૭.૧૪ | વડોદરા | અનાઈરા-જિનલ/પ્રતિક રાજેશ મોતા | રાયધણજર | પુત્રી |
| ૧૨.૦૭.૧૪ | પુણે | કાવ્યા-સેજલ/પ્રણવ જયકાંત દંડ | લાલા | પુત્રી |

**અંતરજ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૮.૧૪ | અમદાવાદ | સચિન રાજેન્દ્ર સોની | જખૌ | ૨૬ |
| | કાંદિવલી | જાન્વી બીપીન સાગર | કાંદિવલી | ૨૪ |

**સગપણ છુટુ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૮.૧૪ | ડોંબિવલી | ચિરાગ પંકજ કુંવરજી મોતા(ભુલ સુધાર અંક નં ૩૫) | નલીયા | ૨૬ |
| | ચાલીસગામ | પ્રેક્ષા જીતેન્દ્ર શિવજી લોડાયા(રતાણી) | તેરા | ૨૫ |
| ૧૯.૦૮.૧૪ | સાંગલી | રીપેશ રાજેશ ભવાનજી મોતા | વારાપધર | ૨૪ |
| | ડોંબિવલી | તેજલ પંકજ વિશનજી ખોના | તેરા | ૨૨ |

**છુટાછેડા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૬.૧૪ | જલગામ | જતીન મધુકાન્ત આણંદજી ખોના | સાયરા | ૨૬ |
| | માંડવી | નીલમ તિલક દેવશી ડાઘા | ગોએરસમા | ૨૪ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૮.૧૪ | ડોંબિવલી | વીરચંદ વેલજી ટોકરશી મુનવર | કોઠારા | ૬૫ |
| ૨૪.૦૮.૧૪ | ધુલિયા | પ્રતાપ જવેરચંદ દેવજી છેડા | તેરા | ૬૭ |
| ૨૫.૦૮.૧૪ | આગાસ | નવીનચંદ્ર હરપાર કુરપાર ધરમશી | જખૌ | ૮૪ |

## શ્રી જય ત્રિભુવન પાર્શ્વનાથ જૈન તીર્થ *(૧૪માં પાનેથી ચાલુ)*

ત્રણ શિખર બધ્ધની ટોચની ધજાઓ દૂરથી દર્શન થાય છે. દેરાસરના મુખ્ય ગંભારામાં મૂળ નાયક શ્રી જય ત્રિભુવન પાર્શ્વનાથ બિરાજમાન છે. તેમની આજુબાજુમાં પણ પાર્શ્વનાથ ભગવાનની મુર્તિઓ બિરાજમાન છે. રંગ મંડપમાં શ્રી સ્વામી ને ચાર શાશ્વાત જિન બિરાજમાન છે. તે સાથે શ્રી ગૌતમ સ્વામી અને પદ્માવતી દેવીના પણ ગોખલા છે.

રંગમંડપ વિશાલ છે. દેરાસરની ફરતે અતિત, વર્તમાન ચોવીસી અને આવનાર ચોવીસીના હલ્લ મળી ૭૨ તીર્થકંની મુર્તિઓની શિખરબંદ દેરી ઓ છે. મુર્તિઓ અતિ પ્રભાવક અને મન રમ્ય છે.

ધર્મશાળા અને ભોજનાલયની ઉત્તમ સગવડ છે. સંઘ સમાવેશ સહ થઈ શકે તેવી સગવડ છે. સ્ટાફ વિવેકી અને સંભાળમાં કોઈ કયાંઈ રાખે તેવો નથી. પુણ્યયોગે હૈદ્રાબાદ ભણી જવાનું થાય તો ચૈત્ય તીર્થ સ્પર્શના કરવાની તક ચૂકવા જેવી નથી. યાદગાર બની રહેશે ફોન નં. ૦૮૪૧૮૨૦૦૩૨૦ / ૦૯૯૫૧૫૫૯૪૧૫ ઉપર સંપર્ક કરી શકાય છે.

**- કાંતિલાલ કેશવજી મોતા**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No. MH/MR/East/53/2012-14, Day of Publication Every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.



# આજના સ્માર્ટ બાળકો પાસેથી શીખવા પડશે શિષ્ટાચાર ન ભુલવાના પાઠ

મારો સાત વર્ષનો પૌત્ર જયદિત્ય શાંત અને શાણો છે. તમે એને ભાગ્યે જ નારાજ કે ગુસ્સે થયેલો જુઓ. અમારી કામવાળી સાથે પણ તેનો વ્યવહાર ખરેખરા જેનલમેન જેવો જ !

એક દિવસની વાત છે. સવારની શાળામાં ભણતો જયદિત્ય ઘરે આવ્યો કે સીધો અમારી કામવાળી પાસે જઈને નારાજગીથી ધમકાવવા માંડયો. મને આ જોઈને નવાઈ લાગી પણ મેં તે વખતે ચુપ રહેવામાં જ શાણપણ માન્યું.

એ જમી કરીને મારી સાથે હંમેશની જેમ વાતે વળગયો ત્યારે ખબર પડી કે એ શા માટે કામવાળી પર નારાજ થયો હતો.

વાત એમ હતી કે અમારા ફ્લેટમાં બે બાજુ બારીઓ છે. સામાન્ય રીતે અમે એક નિયમ બનાવ્યો છે કે રોડ સાઇડની બારીતરફ કપડા ન સુકવવા. પાછવની બાજુએ જ સુકવવા. કોઈ વખત કપડાં વધુ હોયતો પણ રોડ સાઈડની બારી તરફ ચહીં ગંજી જેવા અંતર વસ્ત્ર ન સુકવાય તેનું ખાસ ધ્યાન રાખીએ છીએ. પણ તે દિવસે અમારી કામવાળી આ શિષ્ટાચાર ભુલી ગઈ હતી કે મૂકી ગઈ હતી.

નાનકડા બાળક પાસેથી શિષ્ટાચારની આવી વાત સાંભળી મને થયું આપણે સામાન્ય રીતે બાળકોની શિષ્ટાચાર શીખવવાની વાતો કરીએ છીએ અને પોતે જ તેનું અધકચરું પાલન કરીએ છીએ.

આજના સ્માર્ટ બાળકોને શિષ્ટાચાર શીખવતા આપણે એ ધ્યાન રાખવાનું છે કે જો આપણે જ આપણા બનાવેલા નિયમોનું પાલન નહીં કરીએ તો એ આપણા ળેવડાં ધોરણ જરા પ નહીં ચલાવી લે.

- લહેરી લોડાયા (મુલુંડ)

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**